# છ પદનો પત્ર

અનન્ય શરણના આપનાર
એવા શ્રી સદ્ગુરુદેવને
અત્યંત ભક્તિથી નમસ્કાર

શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાની પુરુષોએ નીચે કહ્યાં છે તે છ પદને સમ્યગ્દર્શનના નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે.

પ્રથમ પદ

આત્મા છે. જેમ ઘટ પટ આદિ પદાર્થો છે તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટ પટ આદિ હોવાનું પ્રમાણ છે, તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.

બીજું પદ આત્મા નિત્ય છે. ઘટ પટ આદિ પદાર્થો અમુક કાળવર્તી છે. આત્મા ત્રિકાળવર્તી છે. ઘટપટાદિ સંયોગે કરી પદાર્થ છે. આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે, કેમકે તેની ઉત્પત્તિ માટે કોઈ પણ સંયોગો અનુભવયોગ્ય થતા નથી. કોઈ પણ સંયોગી દ્રવ્યથી ચેતનસત્તા પ્રગટ થવા યોગ્ય નથી માટે અનુત્પન્ન છે. અસંયોગી હોવાથી અવિનાશી છે. કેમકે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય તેનો કોઈને વિષે લય પણ હોય નહીં.

ત્રીજું પદ. આત્મા કર્તા છે. સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે. કંઈ ને કંઈ પરિણામક્રિયાસહિત સર્વ પદાર્થ જોવામાં આવે છે. આત્મા પણ ક્રિયાસંપન્ન છે. ક્રિયાસંપન્ન છે માટે કર્તા છે. તે કર્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે – પરમાર્થથી સ્વભાવપરિણતિએ નિજસ્વરૂપનો કર્તા છે. અનુપચરિત (અનુભવમાં આવવા યોગ્ય — વિશેષ સંબંધસહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે. ઉપચારથી ઘર, નગર આદિનો કર્તા છે.

ચોથું પદ – આત્મા ભોક્તા છે. જે જે કંઈ ક્રિયા છે તે તે સર્વ સફળ છે. નિરર્થક નથી. જે કંઈ પણ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. વિષ ખાધાથી વિષનું ફળ, સાકર ખાવાથી સાકરનું ફળ, અગ્નિસ્પર્શથી તે સ્પર્શનું ફળ, હિમને સ્પર્શ કરવાથી હિમસ્પર્શનું જેમ ફળ થયા વિના રહેતું નથી, તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કંઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ છે. – તે ક્રિયાનો આત્મા કર્તા હોવાથી ભોક્તા છે.

પાંચમું પદ – મોક્ષ પદ છે. જે અનુપચરિત વ્યવહારથી જીવને કર્મનું કર્તાપણું નિરૂપણ કર્યું – કર્તાપણું હોવાથી ભોક્તાપણું નિરૂપણ કર્યું – તે કર્મનું ટળવાપણું પણ છે. કેમકે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય પણ તેના અપરિચયથી – તેના અનુપાસનથી – તેને ઉપશમ કરવાથી તેનું મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવા યોગ્ય દેખાય છે – ક્ષીણ થઈ શકે છે – તે તે બંધભાવ ક્ષીણ થઈ શકવા યોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષ પદ છે.

છઠ્ઠું પદ – તે મોક્ષનો ઉપાય છે. જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય તો તેની નિવૃત્તિ કોઈ કાળે સંભવે નહીં, પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળાં એવાં જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભક્ત્યાદિ સાધન પ્રત્યક્ષ છે. જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે. ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે – માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.

આ જ્ઞાનીપુરુષોએ સમ્યક્દર્શનના મુખ્ય નિવાસભૂત કહ્યાં એવાં આ છપદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે. સમીપમુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સપ્રમાણ થવા યોગ્ય છે - પરમ નિશ્ચયરૂપ જણાવા યોગ્ય છે. તેનો સર્વ વિભાગે વિસ્તાર થઈ તેના આત્મામાં વિવેક થવા યોગ્ય છે.

આ છપદ અત્યંત સંદેહ રહિત છે - એમ પરમપુરુષે નિરૂપણ કર્યું છે. એ છપદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે. અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ-મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છપદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે. તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે એમ જો જીવ પરિણામ કરે તો સહજ માત્રમાં તે જાગૃત થઈ સમ્યક્દર્શનને પ્રાપ્ત થાય. સમ્યક્દર્શનને પામી સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે. કોઈ વિનાશી- અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ શોક સંયોગ ઉત્પન્ન ન થાય. તે વિચારે સ્વસ્વરૂપને વિષે શુદ્ધપણું - સંપૂર્ણપણું - અવિનાશીપણું અત્યંતઆનંદપણું અંતરરહિત તેના અનુભવમાં આવે છે. સર્વ વિભાવપર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐક્યતા થઈ છે, તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ, એમ સ્પષ્ટ - પ્રત્યક્ષ - અત્યંત પ્રત્યક્ષ - અપરોક્ષ તેને અનુભવ થાય છે. વિનાશી અથવા અન્ય પદાર્થના સંયોગને વિષે તેને ઇષ્ટ અનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી. જન્મ જરા મરણ, રોગાદિ બાધારહિત સંપૂર્ણ માહાત્મ્યનું ઠેકાણું એવું નિજસ્વરૂપ જાણી- વેદી તે કૃતાર્થ થાય છે.

જે જે પુરુષોને એ છપદ સપ્રમાણ એવાં પરમપુરુષનાં વચને આત્માનો નિશ્ચય થયો છે, તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યા છે. આધિ, વ્યાધિ, ઉપાધિ- સર્વ સંગથી રહિત થયા છે - થાય છે અને ભાવિકાળમાં પણ તેમ જ થશે.

જે સત્પુરુષોએ જન્મ, જરા મરણનો નાશ કરવાવાળો - સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે - તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે એવા સર્વ સત્પુરુષો તેનાં ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો.

જે છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ તે
જેનાં વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે
જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વકાળ જીવ સંપૂ
ર્ણ આનંદને પ્રાપ્ત થઈ નિર્ભય થાય છે - તે વચન
ના કહેનાર એવા સત્પુરુષના ગુણની વ્યાખ્યા કર
વાને અશક્તિ છે - કેમકે જેનો પ્રત્યુપકાર ન થઈ શ
કે એવો પરમાત્મભાવ તે જાણે કંઈ પણ ઇચ્છા
વિના માત્ર નિષ્કારણ કરુણાશીલતાથી આપ્યો
એમ છતાં પણ જેણે અન્ય જીવને વિષે આ મારો
શિષ્ય છે અથવા ભક્તિનો કર્તા છે - માટે મા
રો છે - એમ કદી જોયું નથી એવા જે સત્પુરુષ
તેને અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર હો.
જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ
કરી છે તે ભક્તિ માત્ર શિષ્યનાં કલ્યાણને અ-
ર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુ
ના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે - અપૂ
ર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે
અને સહજે આત્મબોધ થાય એમ જાણી
ને જે ------- ભક્તિનું નિરૂપણ કર્યું છે.
તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર
હો.

જોકે વર્તમાનમાં પ્રગટપણે કેવળજ્ઞાન
ની ઉત્પત્તિ થઈ નથી પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ
સ્પષ્ટ જાણ્યું છે - શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે - વિચારદશાએ કેવ
ળજ્ઞાન થયું છે. ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે મુખ્યનયને
ના હેતુથી કેવળજ્ઞાન છે - તે કેવળજ્ઞાન - સર્વ અ
વ્યાબાધ સુખનું પ્રગટ કરનાર જેના યોગે સહજમાત્ર
માં જીવ પામવા યોગ્ય થયો તે સત્પુરુષના ઉપકારને
સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો
નમસ્કાર હો